# ચોખાનાં દાણાં અને બટનની મેચ

**જરૂરી સામગ્રી**

૧) ચોખાભરેલ એક મોટું બાઉલ

૨) પચાસ જેટલા સફેદ અને કાળા બટન

૩) એક નાનું બાઉલ

**કેટલા લોકો રમી શકે?**

- બે કે તેથી વધુ

**કેવી રીતે રમાય?**

એડમીને સૌપ્રથમ ચોખા ભરેલ બાઉલમાં કાળા અને સફેદ  બધા બટન મિક્સ કરી દેવા. હવે બધા સ્પર્ધકને સમજાવવું કે એક મીનીટ ના સમયગાળામાં બધાએ આ ચોખા ભરેલ બાઉલમાં રહેલ સફેદ અને કાળા બટનને બીજા ખાલી બાઉલમાં મુકવાના રહેશે. ધ્યાનમાં રહે કે ચોખા બહાર ન પડે. સફેદ બટનના ૧૦ પોઈન્ટ, કાળા બટનના ૫ પોઈન્ટ અને જો ચોખા બહાર પડે તો એક ચોખાના ૫ પોઈન્ટ. આમ એક મીનીટનાં અંતે જે સ્પર્ધકે વધુમાં વધુ પોઈન્ટ મેળવે તે સ્પર્ધક વિજેતા જાહેર થશે અને ઈનામને પાત્ર થશે.